ક્રમાંક : નપમ/૧૦૮૪/૧૪૮૦/(પા.ફા.-૧)/ક,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૧૧/૭/૨૦૦૮

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,
જામનગર.

વિષય:- તા. ૧/૪/૬૩ થી ૫/૬/૮૪ દરમ્યાન રૂપાંતરીત ગ્રામ /નગર પંચાયતોમાં નિમણુંક પામેલ કર્મચારીઓની સેવાની શરતો બાબત.

શ્રીમાન,

૧. ઉપર્યુકત વિષય પરત્વેના આપના તા. ૫/૫/૦૮ ના પત્ર ક્રમાંક : મહેકમ/૫/વર્ક/૫૧૧/૨૦૦૮ ના અનુસંધાને જણાવવાનું કે ગ્રામ/નગર પંચાયત અસ્તિત્વમાં હોય અને તે સમયે જે કર્મચારીની નિમણુંક થઇ હોય- અને બાદમાં નગરપાલિકા રૂપાંન્તર થયેલ હોય તેવા કર્મચારીના પેન્શન કેસ અંગેની કાર્યવાહી સરકારીશ્રીના નાણાં વિભાગની વખતો-વખતની સુચનાઓ અનુસાર હાલના નિયંત્રણ અધિકારીએ કરવાની રહે છે.

૨. પરંતુ રૂપાંતરીત ગ્રામ / નગર પંચાયતોમાં નિમણુંક પામેલ કર્મચારીઓની સેવા નિયમિત ગણવા અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે મુળ નિમણુંક કરનાર કચેરીના નિયંત્રણ અધિકારી તરીકે જે તે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ માહિતી આપવાની રહે તેમજ નિમણુંક અંગે અભિપ્રાય આપવાનો રહે છે. જે વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(સી.એમ.રાઠોડ)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના:-
- કલેકટરશ્રી જામનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી માટે.